Title-Code:-GUJGUJ18109



॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર    Mo- 9016924808    સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 26,(SURAT), DATE-18/12/2024, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૨૬, (સુરત), તા.૧૮/૧૨/૨૦૨૪ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલઘરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 ફેક લિંક ક્લિક કરતાં ડે. મેયર પાટીલનો ફોન હેક થઈ ગયો

3 સમસ્યાનો ઉકેલ લાવવા બારડોલી પ્રાંતને રજૂઆત કરવામાં આવી

4 પરબ ગામે આવેલા ઓમ ઇન્ડસ્ટ્રીઝ માં ડીગ્રી વગર દવાખાનું ચલાવતો બોગસ ડોક્ટર ઝડપાયો

## દિવ્ય શાકોત્સવ અને વિદ્યાર્થીઓનું સ્નેહમિલન












**મણિનગર, અમદાવાદ-** શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન મણિનગર અમદાવાદ અને શ્રી સ્વામિનારાયણ સિદ્ધાંત સજીવન મંડળ બોટાદ દ્વારા આયોજિત ગ્રંથરત્ન શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ ના ઉપક્રમે તા. ૧૫ /૧૨/ ૨૦૨૪ ને રવિવારના રોજ આર્ય પ્લાઝાની બાજુમાં, પાળિયાદ રોડના શ્રી સ્વામિનારાયણ મંદિરે દિવ્ય શાકોત્સવ અને સાંસ્કૃતિ સાથે સ્નેહ મિલનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કીર્તન ભક્તિ, સંસ્કૃતિને ઉજાગર કરવા ગામઠી રોટલા અને શાક જાતે તૈયાર કરવા, લોક સાહિત્ય ડાયરો અને RSS દ્વારા રાષ્ટ્ર ધર્મની માહિતી આપવામાં આવી હતી.

તેમજ આ અવસરે મંદિરના પ્રવેશદ્વારની દીવાલે કાયમી પાણીની પરબનો શુભારંભ કરવામાં આવ્યો હતો અને બોટાદના માનવંતા આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું તથા પૂજ્યસંતોએ જીવન જીવવાની કળા(art of living) શિક્ષાપત્રી વિશે પ્રેરણા દાયક પ્રવચન આપ્યું હતું અને કાર્યક્રમના અંતે મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.




## મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી દ્વારા 'બાળ લગ્ન એક અભિશાપ' વિષય પર સેમિનાર યોજાયો

### તાપી જિલ્લામાં બાળ લગ્નનું પ્રમાણ ૨૫.3% છે



તાપી- જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી ની કચેરી તેમજ જિલ્લા બાળ લગ્ન પ્રતિબંધક સહ સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી દ્વારા ડો. આંબેડકર હોલ વ્યારા ખાતે બાળ લગ્ન એક અભિશાપ વિષય પર એક જાગૃતિ સેમિનાર આયોજિત કરવામાં આવ્યો હતો. બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ સંદર્ભે યોજાયેલા આ સેમિનારમાં જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકો, ધાર્મિક સંગઠનોના વડા, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, તેમજ મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

તાલુકા પંચાયતના પ્રમુખશ્રી ઇશ્વરભાઈ ગામીત, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના કમલેશ પંચાલ તેમજ જીમી મહેતા, જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી સુલોચના પટેલ, બાળ લગ્ન પ્રતિબંધક અધિકારીશ્રી એસ.વી રાઠોડ, ડોસવાડા મોડલ સ્કૂલના આચાર્ય શ્રી આશા ચૌધરી, હોમગાર્ડ કમાન્ડન્ટ શ્રી વી. એન ગામીત, તાલુકા પંચાયત ન્યાય સમિતિના અધ્યક્ષ સરિતાબેન પરમાર તેમજ સામાજિક સંસ્થાઓના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી સુલોચનબહેને જણાવ્યું હતું કે આ વિભાગ અને કચેરી મહિલાઓની સામાજિક, આર્થિક અને કાયદાકીય સલામતી માટે છે. તેમણે સખી વન સ્ટોપ સેન્ટર, અભયમ ૧૮૧ જેવી સુવિધાઓ અંગે મહિલાઓને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે હવે તો ૧૮૧ પર કોલ કરીને મહિલાઓ વ્હાલી દીકરી યોજના, બેટી બચાઓ બેટી પઢાઓ, ગંગા સ્વરૂપ યોજના જેવી વિવિધ યોજનાઓની માહિતી પણ મેળવી શકો છો.

બાળ લગ્ન પ્રતિબંધક અધિકારીશ્રી રાઠોડે જણાવ્યું હતું કે દર ૧૦૦ લગ્નમાંથી ચોથા ભાગના લગ્ન બાળ લગ્ન હોય છે. હજુ પણ સમાજ માં આ બડી નષ્ટ નથી થઈ. આપણા તાપી જિલ્લામાં પણ બાળ લગ્નનું પ્રમાણ ૨૫.3% છે જે ખૂબ જ શરમજનક કહેવાય. આપણે બાળ લગ્નો થતા અટકાવવા જોઈએ. વધુમાં ઉમેરતા તેમણે જણાવ્યું હતું કે બાળ લગ્ન કરવાથી, મદદ કરવાથી કે તેમાં સહયોગ આપવાથી પણ ગુનો બને છે.

## બારડોલી ખાતે સરદાર પટેલની ૭૪ મી પુણ્યતિથિ નિમિત્તે -સરદાર સંગોષ્ઠિ યોજાઈ




**બારડોલી-** બારડોલી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની ૭૪ મી પુણ્યતિથિ નિમિત્તે ૧૩મી સરદાર સંગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંગોષ્ઠિમાં પ્રખ્યાત શિક્ષણવિદ ડો. વિકાસ દિવ્યકિર્તિએ સરદાર પટેલના જીવન અને કાર્યો વિશે વિસ્તૃત પ્રવચન આપ્યું હતું.

ડો. દિવ્યકિર્તિએ સરદાર પટેલને રામાયણના પાત્ર રામ સાથે સરખાવતા કહ્યું હતું કે, સરદાર પટેલે દેશ માટે જેટલો ત્યાગ કર્યા છે એટલો ત્યાગ કોઇએ કર્યો નથી. તેમણે ગાંધીજીના કહેવાથી દેશહિતમાં મહત્વનો નિર્ણય લઇને કોગ્રેસ પ્રમુખ પદ છોડી દીધું હતું. તેમને ખબર હતી જે કોગ્રેસ પ્રમુખ હશે તે જ ભારતના વડાપ્રધાન બનશે નેતૃત્વના કારણે જ આજે આપણે એક સંપૂર્ણ ભારતનું સ્વપ્ન જોઇ શકીએ છીએ. તેમણે કહ્યું કે નેતૃત્વનો ભાવ જો કોઈમાં હોય તો તે સરદાર પટેલમાં હતો. અને તેથી જ તેઓ રાજારજવાડા એક કરી શક્યા હતા.


સંગોષ્ઠિમાં પૂ. મોરારિબાપુ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સરદાર પટેલના પાંચ વિશેષ ગુણો વિશે વાત કરી હતી. તેમના મતે, સરદાર પટેલના વિચારો, વિનોદ, વિશ્વાસ, વિવેક અને વૈરાગી જેવા ગુણોએ તેમને એક મહાન નેતા બનાવ્યા હતા. બારડોલી સ્વરાજ આશ્રમને પવિત્ર સ્થળ ગણાવતા મોરારિબાપુએ કહ્યું કે આ સ્થળ ઉપાધિનું નહીં, પરંતુ સમાધિનું સ્થળ છે.

Mo-9727410292    Mo-9426810292




શ્રી બાલાજી ડાઈનિંગ હોલ

ઘામળોદ રોડ, બારડોલી



Date-18/12/2024 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA

(WEEKLY)-SURAT

## ઓલપાડ પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી સુરત જીલ્લા એલ.સી.બી/પેરોલ ફર્લો પોલીસ




**ઓલપાડ-** પોલીસ મહાનિરીક્ષક પ્રેમવિરસિંગ સુરત વિભાગ, સુરતની રાહબરી હેઠળ, પોલીસ અધિક્ષક હિતેશકુમાર જોયસર એ સુરત ગ્રામ્ય જીલ્લામાં અલગ અલગ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને પકડી કાયદેસરની કાર્યવાહી કરવા યોગ્ય સુચના અને માર્ગદર્શન આપેલ.

જેમા સુરત જીલ્લા વિસ્તારમાં અલગ અલગ પોલીસ સ્ટેશનનના નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા અને તેઓ વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવા જરૂરી દીશા સુચન કરેલ હોય જેના આધારે આર. બી. ભટોળ પોલીસ ઈન્સ્પેક્ટર, એલ. સી. બી. સુરત ગ્રામ્ય તથા એ.એસ. ચૌહાણ પોલીસ ઈન્સ્પેક્ટર પેરોલ ફર્લો સ્ક્વોડ નાઓએ એલ.સી.બી/ પેરોલ ફર્લો શાખાના પોલીસ અધિકારી/કર્મચારીઓની નાસતા ફરતા આરોપીઓને પોલીસ સ્ટેશન વાઈઝ નાસતા ફરતા આરોપીઓને અંગત હ્યુમન શોર્સીસ રોકી, તેમજ ટેકનીકલ દીશામા તપાસ કરી, ચોક્કસ દીશામા વર્કઆઉટ ચાલુ કરેલ.

જેમા ઓલપાડ પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં નાસતા ફરતો આરોપી વિરેન્દ્રસિંહ ઉર્ફે બંટી મદનસિંહ ભાટી (રાજપુત) ઉ.વ.૨૩ ધંધો ગોળનો વેપાર રહેવાસી ગોપીનાથ સોસાયટી મકાન નંબર-૬૩ મોરાભાગળ સુરત શહેર મુળ વતન ગામ વિજયનગર, કોઇરીયા બેરા પોસ્ટ દેદીપાનાડા જી.જોધપુર રાજસ્થાન નાનો કુકણી ગામના પાટીયા પાસે ઉભેલ છે, તેવી માહીતી એલ.સી.બી/ પેરોલ/ફર્લો શાખાના અ.હે.કો. પંકજભાઇ મનહરભાઇ તથા અજીતસિંહ ગોવિંદસિંહ ને મળતા તેઓએ સદર આરોપીને ઝડપી પાડી આરોપી વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી ઓલપાડ પો. સ્ટે. ખાતે સુપરત કરવામાં આવેલ છે.

## પરસોતમ રૂપાલા કામરેજ મા ૧૦૮ થી ઓળખાતા

## કામરેજ તાલુકા પંચાયત શાસક પક્ષ નેતા રમેશભાઈ શીગાળાના ભારોભાર વખાણ કર્યા. અને તેઓએ રમેશભાઈને ૧૦૯ ગણાવ્યા

**કામરેજ-** કામરેજ ગામે સીયાઝા ફાર્મમાં સુરતમા વસતા રાજકોટ જિલ્લાના લોકોનુ સ્નેહ મિલન યોજાયું.

આ સ્નેહ મિલનના કાર્યક્રમમાં રાજકોટ લોકસભાના સાંસદ અને પૂર્વ કેબિનેટ મંત્રી શ્રીમાન પરસોતમભાઇ રૂપાલા સાહેબે હાજરી આપી હતી. રૂપાલા સાહેબે કહ્યું કે રમેશભાઈ શીગાળા તાલુકા પંચાયતના સભ્ય છે, પણ તેઓ કહે છે, કે કોઈપણ કામ હોય મને કહો તમારુ કામ થઈ જશે. તેઓએ કહ્યું કે આવું જાહેરમાં કેહેનાર હિંમતવાળો જણ મે હજી નથી જોયો. વધુમાં રૂપાલા સાહેબે કહ્યું કે, રમેશભાઈ શીગાળા ૧૦૮ નહીં ૧૦૯ છે.




જાણવા મળ્યા મુજબ તેઓ જીત્યા બાદ ૨.૫ વર્ષ માં કામરેજ તાલુકા પંચાયત માં તેઓએ હજી ચા તો એક બાજુ રહી, તેમણે ત્યાં નુ પાણી પણ પીધું નથી. સાથે જ એમની કામ કરવાની આગવી પદ્ધતિ છે. આવી રીતે લોકહિત ના કામો કરનાર નેતા ખૂબ ઓછા નેતા હોય છે. જોકે, તેઓ કહે છે કે, આ રીતનું કામ કરવા માટે તેઓ એમના કૌટુંબિક ભાઈ સ્વ.વિનુભાઈ શિંગાળા પાસેથી શીખ્યા હતા. તેઓ ૧૯૯૮ થી ૨૦૦૪ સુધીમાં રાજકોટ જિલ્લા યુવા ભાજપના પ્રમુખ રહ્યા હતા. 'મોરના ઈંડા ચીતરવા ન પડે' એમ કૌટુંબિક ભાઈ ની જેમ રમેશભાઈ શિંગાળા પણ એમના જ માર્ગે ચાલ્યા અને આજે વિસ્તારમાં ખરા અર્થમાં લોક પ્રતિનિધિ તરીકે કાર્યરત છે.

**'મોરના ઈંડા ચીતરવા ન પડે' એમ કૌટુંબિક ભાઈ ની જેમ રમેશભાઈ શિંગાળા પણ એમના જ માર્ગે ચાલ્યા અને આજે વિસ્તારમાં ખરા અર્થમાં લોક પ્રતિનિધિ તરીકે કાર્યરત છે.**

**તેઓ જીત્યા બાદ ૨.૫ વર્ષ માં કામરેજ તાલુકા પંચાયત માં તેઓએ હજી ચા તો એક બાજુ રહી, તેમણે ત્યાં નુ પાણી પણ પીધું નથી. સાથે જ એમની કામ કરવાની આગવી પદ્ધતિ છે. આવી રીતે લોકહિત ના કામો કરનાર નેતા ખૂબ ઓછા નેતા હોય છે.**

## ફેક લિંક ક્લિક કરતાં ડે. મેયર પાટીલનો ફોન હેક થઈ ગયો

સુરત-પાલિકાના ભાજપના શાસકો પર હાલ પનોતી બેસી હોય તેમ વિવાદો સર્જાઈ રહ્યા છે ત્યારે પાલિકાના ડેપ્યુટી મેયરનો ફોન હેક થઈ ગયો હતો. ડેપ્યુટી મેયર નરેન્દ્ર પાટીલે, સમય સૂચકતા દાખવીને પોતાનો મોબાઇલ હેક થતાં જ સાઇબર ક્રાઇમ વિભાગને ફરિયાદ કરી દેતાં તેઓ મોટી ચીટિંગના કારસામાંથી બાલબાલ બચી ગયા હતા.



ચાર દિવસ પહેલાં ડે. મેયર નરેન્દ્ર પાટીલના મોબાઇલ પર પી. એમ. કિસાન એપ્લિકેશન નામની લિંક આવી હતી, પી. એમ. કિસાન અંગેની માહિતી માટેની એપ હશે તેમ માની ને નરેન્દ્ર પાટીલે લિંક પર કલિક કરતાં જ તેમનો મોબાઇલ હેક થઇ જતા તેઓ ડઘાઈ ગયા હતાં પરંતુ તુરંત તેમણે સતર્કતા દાખવીને એપ ની લિંક ક્લિક કર્યા બાદ મોબાઇલ પર સતત નજર રાખી સતત આવતાં ઓટીપીથી કંઇ ખોટુ થઇ રહ્યું હોવાની શંકા પડી હતી. તેથી તાકીદે સાઇબર ક્રાઇમ માં જાણ કરી દીધી હતાં. તેથી સાઇબર ક્રાઈમમાંથી તુરંત નિર્દેશ મળવા માંડતાં તે પ્રમાણે મોબાઇલને ફ્લાઇટ મોડ કરી દીધો હતો. બેંકમાં જાણ કરી કોઇ ટ્રાન્ઝેક્શનને મંજૂરી નહીં આપવાની જાણ કરી દેતાં તેઓ મોટા ફ્રોડથી ઉગરી ગયા હતાં.

## ડીજીવીસીએલ વ્યારા-બારડોલી વિભાગીય કચેરીના સયુંક્ત ઉપક્રમે 'વીજ સલામતી' સેમીનાર યોજાયો

**તાપી** -દક્ષિણ ગુજરાત વીજ કંપની લી. વ્યારા વિભાગીય કચેરી તથા બારડોલી વિભાગીય કચેરી દ્વારા આયોજિત સલામતી કાર્યક્રમના ભાગરૂપે વ્યારા-બારડોલી વિભાગીય કચેરી દ્વારા જિલ્લા સેવા સદનના ઓડીટોરિયમ વ્યારા ખાતે બે દિવસીય 'સલામતી તાલીમ'નો ઉદ્ઘાટન સમારોહ તાપી જિલ્લા કલેકટરશ્રી ડો.વિપિન ગર્ગના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યો હતો.આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ કર્મચારીઓ અને સામાન્ય જનતામાં વિદ્યુત સુરક્ષા અંગે જાગૃતિ લાવવા અને દુર્ઘટનાઓને ઘટાડવા માટે સાવચેત રહેવાની પ્રેરણા આપવાનો હતો.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર ડો.વિપિન ગર્ગે ઉપસ્થિત ડીજીવીસીએલ ના કર્મચારીઓને સંબોધતા જણાવ્યું વિદ્યુત સુરક્ષા દરેક વ્યક્તિ માટે અગત્યની છે. યોગ્ય જ્ઞાન અને સાવધાની દ્વારા દુર્ઘટનાઓ ટાળી શકાય છે. આ સેમિનાર કર્મચારીઓની સલામતીના મહત્વ અંગે જાગૃતિ લાવશે અને તેમને સલામતીના મજબૂત પગલાં લેવા માટે પ્રોત્સાહિત કરશે. એમ ઉમેર્યું હતું.

વધુમાં ઉમેર્યું હતું કે, તાપીમાં પીવીટીજીના વીજળીથી વંચિત હાઉસહોલ્ડ નાગરીકોને વિજપુરવઠો પુરો પાડવામાં તાપી જિલ્લાએ સો ટકા સિદ્ધી હાસલ કરી છે. ત્યારે તમામ ડીજીવીસીએલના અધિકારી કર્મચારીઓને કલેક્ટરશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા.


જિલ્લા વિકાસ અધિકારી વી.એન.શાહે જણાવ્યું હતું કે ડીજીવીસીએલ દર વર્ષે કર્મયોગીઓ માટે સલામતી બાબતે વાર્ષિક બે તાલીમો યોજી વિવિધ માર્ગદર્શન પુરું પાડે છે. ત્યારે સલામતિના તમામ ધારાધોરણોનું ચુસ્તપણે પાલન કરી કાયમી ધોરણે સેફ્ટીના સાધનો વાપરવા અને તકેદારી રાખવા અંગે અનુરોધ કર્યો હતો. વધુમાં જિલ્લા વિકાસ અધિકારીઓ જણાવ્યું હતું કે ડીજીવીસીએલ છેલ્લા પાંચ વર્ષથી એ-પ્લસ ગ્રેડ સાથે સમગ્ર ભારતમાં તમામ પબ્લીક સેક્ટર યુટિલીટીમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરતી આવે છે એ આપણા સૌ માટે ગૌરવની બાબત છે.




આ પ્રસંગે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ. સુરત (ગ્રામ્ય વર્તુળ)ના અધિક્ષક ઇજનેર ડી.સી મહાલાએ ડીજીવીસીએલના લાઇન સ્ટાફ મિત્રોને માર્ગદર્શન પુરું પાડતા જણવ્યું હતું કે, સલામતી જાળવવીએ આપણી પ્રાથમિક જવાબદારી છે.

## માંડવી કિમ રોડ પર મોબાઇલ ઝુંટવી ભાગેલા બે ઝડપાયા

માંડવી- માંડવી કીમ રોડ પર આવેલ કરંજ જી આઇ ડી સી વિસ્તારોમાં ઘણીવાર મોબાઈલ ઝૂટવી જવાની ઘટનાઓ બહાર આવતી હતી. ત્યારે માંડવી પોલીસના સતત પેટ્રોલિંગથી મોબાઈલ ઝૂટવી જનાર બે આરોપી આબાદ ઝડપાઈ ગયા હતા. પોલીસો સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર માંડવી તાલુકાના કરંજ ગામે મોલવણ પાટિયા વિસ્તારમાં રહેતા નવીનભાઈ કાંતિભાઈ ભીલવાડ કે જેઓ કરંજ ગામની સીમમાં કીમથી માંડવી જતા રોડ પર મોલવણ પાટિયા પાસે પોતાના મોબાઈલ ઉપર વાત કરતા કરતા પોતાના પડાવ ઉપર જતા હતા.



તે વખતે મોહમ્મદ મુસ્તફા મોહમ્મદ તસ્લીમ શેખ (રહેવાસી કોસાડ આવાસ અમરોલી) તથા આ બાઇક સવારની પાછળ બેઠેલ યામીન અલ્તાફ પટેલ (રહેવાસી કોસાડ આવાસ ભરથાણ સુરત) પોતાની મોટરસાયકલ પર આવી ફરિયાદી નવીનભાઈનો મોબાઇલ ફોન આંચકી (સ્નેચિંગ) કરી લઈને ભાગતા હતા તે દરમિયાન જ ફરિયાદીએ બાઈકની ચાવી આંચકી લીધી હતી. જેથી બાઈક સવાર ત્યાં ઉભો હતો અને મોબાઈલ ઝુંટવી લેનાર ભાગી છૂટ્યો હતો. આ ઘટના દરમિયાન પેટ્રોલિંગમાં નીકળેલ તડકેશ્વર પોલીસ આવી પહોચી હતી.

બંને આરોપીઓને માંડવી પોલીસે આબાદ ઝડપી લઇ ગુનો નોંધી આગળની તપાસ પી.એસ.આઇ એ ટી રાઠવા દ્વારા હાથ ધરવામાં આવી હતી.

## તાતીથૈયામાં ૪૧ વર્ષીય વ્યક્તિનું અચાનક મોત

પલસાણા- કડોદરા GIDC પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા તાતીથૈયા ગામમાં એક ૪૧ વર્ષીય વીરસીંહ વિજયરામ ચમાર (હાલ- તાતીથૈયા ગામ, પ્રથમપાર્ક રૂમ.નં.૧૬, તા. પલસાણા, જી. સુરત, મુળ રહે. મંગોરૌવા, પો.સ્ટ. બસોબઇ, થાના-સમથર, જી. ઝાંસી યુ. પી) અચાનક મોત થયું હતું. મૃતક વ્યક્તિ છેલ્લા બે દિવસથી બીમાર હતો અને આજે સવારે ટોઇલેટ કર્યા બાદ અચાનક જમીન પર ઢળી પડ્યો હતો. મૃતકની પત્ની સંજુદેવી વિજયરામ ચમારની ફરિયાદના આધારે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે અને મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા તપાસ કરી રહી છે.

## અમદાવાદ ખાતે ગુજરાત ગ્લોબલ બિઝનેસ એવોર્ડમાં

## એસોસિયેશન ઓફ ઇન્ડિયન જર્નલિસ્ટ (ભારતીય પત્રકાર સંઘ AIJ)ના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો.સુનિલ સોનવણે ને સી. ઈ. ઓ. ઓફ ધ યર થી સન્માનિત કરાયા

**અમદાવાદ-**અમદાવાદ ના બોડકદેવ ખાતે ગુજરાત ગ્લોબલ બિઝનેસ એવોર્ડ તારીખ ૧૨-૧૨, ૨૦૨૪ ના રોજ તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ની ટીવી કલાકાર મુનમુન દત્તા અને સ્વીફ્ટ એન્ડ લિફ્ટ ના ફાઉન્ડર અને સીઇઓ નિલેશ સાબે દ્વારા બીએસપી ન્યુઝ એન્ડ પબ્લિકેશન પ્રાઇવેટ લિમિટેડ ના ફાઉન્ડર અને સીઈઓ ડો.સુનિલ ગુલાબ સોનવણે ને બેસ્ટ સીઈઓ ઓફ ધ ઈયર થી સન્માનિત કરવામાં આવ્યા.






પત્રકાર એટલે જર્નાલિસ્ટ. આ શબ્દ પત્રકારત્વ અને જર્નાલિઝમ પરથી જ આવ્યા છે. સત્યનો પહરી એટલે પત્રકાર એવું કહી શકાય. પત્રકાર એટલે સમાજનો પહેરેદાર. પત્રકાર એટલે ન્યાયને રક્ષક. શિક્ષકોનો પણ શિક્ષક, વકીલોનો પણ વકીલ અને ડોક્ટરોનો પણ ડોક્ટર. પત્રકારોને દ્વાપરયુગના નારદ અને મહાભારતકાળના સંજય તથા કળિયુગના આચાર્ય, ચારણ, બારોટ પણ કહેવાયા છે. વિદ્વાનોથી લઈ સામાન્ય વ્યક્તિઓએ પત્રકારની અલગઅલગ અર્થ, વ્યાખ્યા અને સમજૂતી ગોતી કાઢ્યા છે.

સમાચારો મોકલનાર અને આપનાર સંવાદદાતા કહેવાય છે. ખબરપત્રી પણ કહેવાય છે. એક સમયે તેઓ વાક્ય નવીસ, ખૂફિયા નવીસ, ખેપિયા અને ગુપ્તચર પણ કહેવાતા. જે સમાચાર બનાવે છે, જે સમાચારના સંસ્થા સાથે સંલગ્ન છે અને એથી પણ આગળ હવે જેની પાસે પત્રકારત્વના શિક્ષણની ડિગ્રી છે, જે પત્રકારત્વનો વ્યવસાય કરે છે તે પત્રકાર છે એવું સીધી સરળ ભાષામાં કહી શકાય. લખી, બોલી, ફોટો પાડી કે ચિત્ર દોરી કે પછી હાવભાવ દ્વારા સૂચના એટલે કે સમાચારની આપ-લે કરનાર તંત્રી, સંપાદક, ફોટોગ્રાફર, કેમેરામેન, કાર્ટૂનિસ્ટ પણ પત્રકાર કહી શકાય. પ્રેસ સાથે જોડાયેલ પ્રેસમેન અને મીડિયા સાથે જોડાયેલ મીડિયામેન છે, જર્નાલિસ્ટ છે. એકલી અખબાર સાથે જોડાયેલી વ્યક્તિ જ પત્રકાર ન કહી શકાય. પ્રિન્ટ ઉપરાંત ડિજીટલ મીડિયા સાથે જોડાયેલી વ્યક્તિ પણ પત્રકાર છે. કોઈ ટીવીમાં ન્યૂઝ એન્કર છે કે કોઈ ન્યૂઝ વેબસાઈટ સાથે જોડાયેલું છે કે કોઈ રેડિયો-દૂરદર્શન અથવા ખાનગી ચેનલના સમાચાર વિભાગ સાથે સંકળાયેલું છે એ બધા જ પત્રકાર કહી શકાય. પત્રકારનો અર્થ અને વ્યાખ્યા બહુ વ્યાપક છે, બહુ આયામી છે. તેને સારાંશમાં કહી ન શકાય કે સુંકુચિતતાથી જોઈ ન શકાય. પત્રકારએ પત્રકારત્વનો આત્મા છે, સમાચારના આંખ, મોઢું અને નાક પત્રકાર છે. સમાચાર જેમાં પ્રસિદ્ધ-પ્રસ્તુત થાય છે એ પ્રિન્ટ-ઈલેક્ટ્રોનિક મીડિયા સમાજનું દર્પણ છે. અને પત્રકારત્વ શું છે? પત્રકારત્વ ચોથી જાગીર છે.

ગુજરાતી પત્રકારત્વ અને સાહિત્ય સાથે છેલ્લા દસ વર્ષથી જોડાયેલા છે. મેઈન સ્ટ્રીમ પત્રકારત્વ સાથે જોડાયેલા ન હોવા છતાં દરરોજ હજારો વાંચકો તેમના ન્યુઝ નું બહુમાન કરે છે. અને વધુમાં પત્રકાર જગતમાં એમના ત્રણ ન્યુઝ પેપર અને બીએચપી ન્યુઝ youtube ચેનલ ચાલે છે ભારતીય હિતરક્ષક પત્રિકા સાપ્તાહિક પેપર, રાષ્ટ્રપ્રિય માસિક મેગેઝીન, સનાતન ભારત હિન્દી સાપ્તાહિક પેપર ચાલે છે. એસોશિયન ઓફ ઇન્ડિયન જર્નલિસ્ટ ના રાષ્ટ્રીય અધ્યક્ષ હોવાથી પત્રકારો માટે ઘણા બધા એમના હિત માટેના કાર્યો પણ કરતા આવ્યા છે.

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........

## જીવનના પ્રત્યેક ક્ષેત્રે જીવ સ્વરૂપનું અજ્ઞાન હિંસાને પ્રેરે છે



તંત્રી–
હિમાંશુસિંહ ઠાકોર

જીવનના પ્રત્યેક ક્ષેત્રે જીવસ્વરૂપનું અજ્ઞાન હિંસાને પ્રેરે છે. તબીબી ક્ષેત્ર પણ આમાં અપવાદ નથી. જાણતાં કે અજાણતાં જે કંઈ અહિંસા તબીબી વ્યવસાયમાં આચરવામાં આવે છે એનું મૂળ કારણ માણસના નિજસ્વરૂપનું અજ્ઞાન છે. માણસ એમ માની બેઠો છે કે એ સર્વશક્તિમાન છે. જગતની સત્તાનો દોર એના હાથમાં છે. એને પોતાને માટે જે કંઈ સુખદાયક ન લાગે એ સર્વને દુશ્મન સમજી બેઠો છે. કુદરતની વિવિધ પ્રક્રિયાના રહસ્યથી અજાણ એ બસ માનવકેન્દ્રિત દૃષ્ટિથી જગતને સુંદર અને સગવડભર્યું બનાવવા નીકળી પડ્યો છે. દીર્ઘદૃષ્ટિરહિત માનવ જીવનના દરેક ક્ષેત્રમાં પ્રેયથી પ્રેરાય છે અને પોષાય છે અને શ્રેયથી દૂર થતો જાય છે.

ડોક્ટર પણ માનવસ્વરૂપના અજ્ઞાનથી આવરિત પોતાને કે બીજાને પૂર્ણ સમજી શકતો નથી. મિત્ર સમા રોગોને દુશ્મનની જેમ ધુત્કારે છે. શરીરને યંત્રની દૃષ્ટિથી જુએ છે. યંત્રની જેમ એના પર સમારકામ કરે છે. જેમ ભણતર એના મગજમાં પ્રવેશે છે એમ સન્માન પ્રેરિત આશ્ચર્યભાવ એનાથી દૂર થતો જાય છે. ડોક્ટર જો માનવના સત્યસ્વરૂપ માટે જાગ્રત થાય તો એનામાં નીડરતા આવે, કરુણાનો આવિર્ભાવ થાય, સારું કરવાનો આશય હેઠળ નરસાં પગલાં ન ભરે, એટલું જ નહીં, દર્દીને એના રોગનો સામનો કરવા સાચી મદદ કરે જેથી કરીને શક્ય હોય ત્યાં બનતી ત્વરાથી રોગી રોગમાંથી મુક્ત થાય.

કરુણા અહિંસાનું મૂળ ઘટક છે. સામેની વ્યક્તિ પર જે કંઈ ગુજરી રહ્યું હોય તેની સંવેદના અનુભવવી એ કરુણા પ્રેરિત હમદર્દી છે. સખાવતની દૃષ્ટિએ નીપજતા ભાવમાંથી આવતી દયાની વાત અહીં નથી કરતા. સમગ્ર જગતસૃષ્ટિની સંવાદિતાના જ્ઞાનમાંથી ઉદ્ભવતી કરુણા દરેક દર્દીમાં સખાને જુએ છે. દરેક પ્રાણીમાં દિવ્ય આત્માનું સ્વરૂપ જુએ છે. પંચમહાભૂતમાંથી ઊપજેલ આખી સૃષ્ટિ છે. બેક્ટેરિયાથી માંડીને આપણે સૌ પંચમહાભૂતમાંથી જન્મીએ છીએ, એના પર નભીએ છીએ અને એમાં વિલીન થઈ જઈએ છીએ. આ સમજ હોય તો દરેક સમયે ખપપૂરતાં જ પગલાં લેવાની વિવેકદૃષ્ટિ આવે છે. હે ડોક્ટર! અને હે દર્દી! તમે બંને એક જ છો. તમે એ જ મહાભૂતોમાંથી ઘડાયેલા છો જેમાંથી આખી સૃષ્ટિનું સર્જન થયું છે. તમારી આસપાસનું વાતાવરણ પણ એમાંથી જ ઉદ્ભવ્યું છે. તમે તે જ છો. તત્ ત્વમ્ અસિ.

છાંદોગ્ય ઉપનિષદમાં પિતા ઉદ્દાલક પુત્ર શ્વેતકેતુને મહાવાક્ય કહે છે, તત્ ત્વમ્ અસિ. સર્વવ્યાપી પરમાત્મા દરેકમાં નિરાકાર આત્મા રૂપે છે. મૂર્ત જીવનમાંથી સ્વરૂપને અપવાદ કરતાં અમૂર્ત સત્ય આત્મા રહી જાય છે. સર્વ બ્રહ્મન્ જ છે. જીવ અને બ્રહ્મન્ આત્મા અને પરમાત્મા એક જ છે. વેદાંતનું આવું પારમાર્થિક સત્ય સાધારણ માનવીને ગળે ઉતારવા ખ્રિસ્તી ધર્મમાં એક જ ઈશ્વર અને મુસલમાન ધર્મમાં એક જ ખુદાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. ગુજરાતી કવિ નરસિંહ મહેતાએ અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે કહીને આ સનાતન સત્ય અત્યંત સરળ ભાષામાં સચોટ રીતે ઉલ્લેખ્યું છે. આધુનિક જીવશાસ્ત્રે પણ સમગ્ર જીવસૃષ્ટિનો પુરાવો આપતો દર્શાવ્યું છે કે આખા જગતનાં બંધારણનું મૂળ ઘટક ડીએનએ બધા જ જીવમાં સમાન છે. બેક્ટેરિયાથી માંડીને બુદ્ધ સુધી, અમીબાથી માંડીને આઈન્સ્ટાઈન સુધી ને પેરામેશિયમથી માંડીને પશુ સુધી એડીનીન, ગ્વાનીન, સાયટોઝીન અને થાયમીન રૂપી ચાર મણકાથી રચાયેલી ડીએનએ શૃંખલા પ્રત્યેક જીવ, વનસ્પતિ અને પ્રાણીજગતમાં એક જ છે. પ્રત્યેક કોષમાં રહેલ ડીએનએ ત્રિકાળજ્ઞાની છે. એને અત્યાર સુધી થઈ ગયેલા હવે પછી થવાના અને હાલના સર્વ જીવસ્વરૂપનું જ્ઞાન હોય છે. ડીએનએ, પવ્રિળણ આત્માનું સાકાર સ્વરૂપ છે. એની મૂળ પ્રકૃતિ અનુસાર એક માનવકોષમાં તેનું વજન ૦.૦૦૦૦૦૦૦૦૦૦૧ ગ્રામ છે. અત્યારે જીવંત સર્વ માનવનું ડીએનએ ભેગું કરીએ તો એક ખાંડની ચમચી પણ ન ભરાય, પરંતુ એની પહોચ સર્વકાળના સમગ્ર જીવજગતના ડીએનએ સુધીની છે. જુદા જુદા સ્વરૂપમાં જોવા મળતા માનવસમુદાયની અંદર એકતા સમાયેલ છે. બધાનું ડીએનએ સ્થળ અને સમયના બંધનથી મુક્ત એક છે. જહોન ડોનનો ઉદ્ગાર કે કોઈ પણ માનવ જીવસાગરમાં તરતો અલાયદો ટાપુ નથી પણ માનવખંડનો જ એક અંગ છે એ જીવશાસ્ત્રની દૃષ્ટિએ પણ વાસ્તવિકતા છે. સર્વજીવની એકાત્મતાને સૂચવતું અન્ય લક્ષણ છે ઘમિળજ્ઞ ઘમિશ્ર્ ઘમિણપ કેવળ એક જીવ જ અન્ય જીવનો આધાર છે. ડીએનએના દરેક અણુમાં સંપૂર્ણ સમાયેલ છે. ડીએનએ ને અન્ન સ્વરૂપમાં સ્વીકારતાં અન્ન પણ પૂર્ણ બની જાય છે. ભોજન સમયે ખ્યાલ રહે કે આહાર અને આહાર લેનાર બંને સમાન છે.

ઈનોવા કાર ભાડે થી મળશે

૫-સિટર

૭-સિટર



સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

# કુંભનો ઈતિહાસ અને પૌરાણિક સમય સાથે તેનું જોડાણ

## કુંભ મેળો, વિશ્વના સૌથી મોટા અને સૌથી જૂના ધાર્મિક તહેવારોમાંનો એક, આસ્થા, પરંપરા અને આધ્યાત્મિકતાનો અદ્ભુત સંગમ

કુંભ મેળો, વિશ્વના સૌથી મોટા અને સૌથી જૂના ધાર્મિક તહેવારોમાંનો એક, આસ્થા, પરંપરા અને આધ્યાત્મિકતાનો અદ્ભુત સંગમ છે. આ તહેવાર ભારતના પ્રાચીન આધ્યાત્મિક વારસાનું પ્રતિક છે. કુંભ મેળાનો ઈતિહાસ હજારો વર્ષ જૂનો છે અને તે ભારતીય સંસ્કૃતિમાં ઊંડે સુધી સમાયેલો છે. આ મહાન ઉત્સવનો ભાગ બનેલા ભક્તોને તેની પૌરાણિક પૃષ્ઠભૂમિ સાથે જોડાઈને તેને વધુ સમજવાની તક મળે છે. પ્રયાગરાજમાં ૨૦૨૫નો મહાકુંભ દર ૧૨ વર્ષે યોજાતો મહાકુંભ મેળો ૨૦૨૫માં પ્રયાગરાજમાં યોજાશે. તે ૧૩ જાન્યુઆરી ૨૦૨૫ થી શરૂ થશે અને ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ સમાપ્ત થશે. મુખ્ય સ્નાન તારીખો નીચે મુજબ છેઃ ત્યારે શું થશે? ૧૩ જાન્યુઆરી ૨૦૨૫ઃ પોષ પૂર્ણિમા ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ઃ મકરસંક્રાંતિ (પ્રથમ શાહી સ્નાન) ૨૯ જાન્યુઆરી ૨૦૨૫ઃ મૌની અમાવસ્યા (બીજું શાહી સ્નાન) ૩ ફેબ્રુઆરી ૨૦૨૫ઃ વસંત પંચમી (૩જી શાહી સ્નાન) ૪ ફેબ્રુઆરી ૨૦૨૫ઃ અચલા સપ્તમી ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૫ઃ માઘી પૂર્ણિમા ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૫ઃ મહાશિવરાત્રી (છેલ્લું સ્નાન) કુંભ મેળાની પૌરાણિક ઉત્પત્તિ કુંભ મેળો હિન્દુ પૌરાણિક કથા 'સમુદ્ર મંથન' સાથે જોડાયેલો છે. વાર્તા અનુસાર, દેવતાઓ અને દાનવોએ અમૃત (અમરત્વનું અમૃત) મેળવવા માટે સમુદ્ર મંથન કર્યું હતું. આ અમૃતની પ્રાપ્તિ દરમિયાન, ભારતમાં ચાર સ્થળોએ ચાર ટીપા પડ્યા - પ્રયાગરાજ (અલાહાબાદ), ઉજ્જૈન, નાસિક અને હરિદ્વાર. આ સ્થાનો પવિત્ર બન્યા અને અહીં કુંભ મેળાનું આયોજન થવા લાગ્યું. પૌરાણિક ગ્રંથ પુરાણોમાં કહેવાયું છે કે કુંભ મેળામાં સ્નાન કરવાથી આત્માની શુદ્ધિ થાય છે અને જન્મ-મરણના ચક્રમાંથી મુક્તિ મળે છે. પ્રાચીન ભારતમાં કુંભ મેળો કુંભ મેળાનું પ્રાચીન



સમયથી મહત્વ રહ્યું છે. પ્રસંગ નાની ધાર્મિક વિધિઓમાંથી વ્યવસ્થિત ઉત્સવમાં પરિવર્તિત થયો. પ્રાચીન સમયમાં આ મેળો માત્ર ધાર્મિક જ નહીં પરંતુ જ્ઞાનના આદાન-પ્રદાનનું પ્લેટફોર્મ પણ હતું. ઈતિહાસ મુજબ ઈ.સ.પૂર્વે ૩૦૦માં પણ આવા મોટા તીર્થસ્થાનોનો ઉલ્લેખ છે. આ મેળો સંતો, વિદ્વાનો અને ભક્તોનો સંગમ હતો, જ્યાં ધાર્મિક પ્રવૃત્તિઓ, દાર્શનિક ચર્ચાઓ અને આશીર્વાદ મેળવવાની તકો થતી હતી. મધ્યયુગીન સમયમાં કુંભ મેળો મધ્યયુગીન શાસકોએ કુંભ મેળાને વધુ ભવ્ય બનાવીને પ્રોત્સાહન આપ્યું હતું. આ સમયગાળા દરમિયાન, ભક્તિ સંતો અને અન્ય ધર્મોના અનુયાયીઓ પણ તેમાં ભાગ લેવા લાગ્યા. આ સમયે ઘણા અખાડા સ્થાપવામાં આવ્યા હતા, જે હજુ પણ કુંભ મેળાનો અભિન્ન ભાગ છે. મૌર્ય અને ગુપ્તા જેવા રાજવંશોએ આ મેળાને શાહી સમર્થન આપ્યું, જેના કારણે તેના કાર્યક્રમો મોટા અને સુવ્યવસ્થિત બન્યા. આ સમય દરમિયાન, ભારતની તીર્થયાત્રાની પરંપરાએ વેગ પકડ્યો, અને કુંભ મેળો ભક્તિ અને સાંસ્કૃતિક એકતાનું પ્રતીક બની ગયો. આધુનિક ભારતમાં કુંભ મેળો આધુનિક ભારતમાં, કુંભ મેળો વૈશ્વિક સ્તરે વિસ્તર્યો છે. આ કાર્યક્રમમાં લાખો શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ ભાગ લે છે. ભારત સરકાર આ મહાન તહેવારની ઉજવણીને સુરક્ષિત અને સુવ્યવસ્થિત બનાવવા માટે વિશેષ યોજનાઓ બનાવે છે. ૨૦૧૭ માં, કુંભ મેળાને યુનેસ્કો દ્વારા 'માનવતાનો અમૂર્ત સાંસ્કૃતિક વારસો'નો દરજ્જો આપવામાં આવ્યો હતો, જે તેના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મહત્વને પ્રતિબિંબિત કરે છે.

## ઇમ્પેક્ટ ફીની અરજીની મુદત ૬ માસ લંબાવી ૧૬ જૂન કરાઈ

સુરત- અનધિકૃત નિર્માણને ઇમ્પેક્ટ ફી વસૂલી કાયદેસર કરવા અરજી કરવાની ૧૬મીએ મુદત પૂરી થતી હોવાથી રાજય સરકારે ૧૭ ડિસેમ્બરથી વધુ ૬ માસ માટે ૧૬ જૂન સુધી મુદત વધારવા આદેશ કર્યા હતા. રાજકોટ ગેમઝોન અગ્નિકાંડ બાદ સુરત શહેરમાં ગેરકાયદે બાંધકામો સામે કાર્યવાહી માટે કોર્ટના ઓરલ ઓર્ડરને પગલે મોટા પાયે સીલિંગ કાર્યવાહી કરવામાં આવી હતી. જોકે, ઇમ્પેક્ટ ફી કાયદા અંતર્ગત લાભ લેવાની શરતે સીલ ખોલી અપાયાં હતાં. વર્ષ-૨૦૨૨માં અમલી કાયદા હેઠળ અત્યાર સુધીમાં ૩૦,૬૧૫ અરજી પૈકી માત્ર ૫,૫૩૮ અરજીઓને જ મંજૂરી આપવામાં આવી છે ત્યારે



૧૪,૫૧૨ રદ તો ૨૦,૦૫૦ અરજી વાંધા સાથે ડિસ્પોઝ કરાઇ હતી.

૫ વખત મુદત લંબાવવી પડી પહેલી વખત ૧૭-૨-૨૩ના રોજ ૪ માસ માટે ૧૪-૬-૨૩ સુધી મુદત વધારાઇ હતી. બીજી વખત ૧૫-૬-૨૩થી ૧૪-૧૨-૨૩ સુધી જ્યારે ત્રીજી વખત ૧૫-૧૨-૨૩થી ૧૪-૬-૨૪ સુધી મુદત વધારાયા બાદ ૧૫-૬-૨૪થી ૧૬-૧૨-૨૪ સુધી એક્સટેન્શન અપાયું હતું. હવે નવી મુદત હેઠળ ૧૭-૧૨-૨૪થી આગામી ૧૬-૬-૨૪ સુધી અરજી કરી શકાશે.

## કામધેનુ યુનિવર્સીટી ઉકાઈ ખાતે માછલીઓ માંથી બનતી વિવિધ મૂલ્યવર્ધિત બનાવટો વિષય પર ત્રણ દિવસીય તાલીમ યોજાઇ

**તાપી**-સેન્ટર ઓફ એક્સલન્સ ઇન એક્વાકલ્ચર કામધેનુ યુનિવર્સીટી ઉકાઈ અને ICAR CIFT વેરાવળના સંયુક્ત ઉપક્રમે માછલીઓ માંથી બનતી વિવિધ મૂલ્યવર્ધિત માછલીની બનાવટો વિષય પર તારીખ ૯ થી ૧૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ સેન્ટર ઓફ એક્સલન્સ ઇન એક્વાકલ્ચર કામધેનુ યુનિવર્સીટી ઉકાઈ ખાતે ત્રણ દિવસીય તાલીમ યોજવામાં આવેલી હતી.



આ ત્રણ દિવસીય તાલીમમાં ડો. આશિષ ઝા અને એમની ટીમ દ્વારા માછલીઓથી બનતી વિવિધ વાનગીઓ બનાવવામાં આવી હતી.તાલીમમાં ૩૦ જેટલા ભાઈઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહી વિવિધ મૂલ્યવર્ધિત માછલીની બનાવટો અંગે માર્ગદર્શન મેળવી તાલિમ મેળવી હતી. કાર્યક્રમના અંતે તાલીમાર્થીઓ ને કીટ પણ વિતરણ કરવામાં આવી હતી. આ તાલીમ ખરેખર હિંગણી મંડળીના ભાઈઓ માટે વ્યાવસાયિક દૃષ્ટિએ ભવિષ્યમાં ફાયદા કારક થશે.

## બારડોલી પુનિત સ્કૂલના માર્ગનું રીપેરીગ, પરંતુ ૨૧ ચેમ્બરના ઢાંકણ નીચા રહી જતાં બન્યા ખાડા



બારડોલી- બારડોલીના મુખ્યમાર્ગ જેટલો જ ઉપયોગી જલારામ મંદિરથી ગાંધીરોડને જોડતા પુનિત સ્કૂલના માર્ગ પર ચોમાસુ દરમ્યાન ઘણો તૂટી ગયો હતો. જે રીપેરીંગ કરવામાં પાલિકાએ ઘણો સમય લગાવ્યો, પણ તૂટેલો અંદાજીત સો મીટર જેટલો માર્ગ પર ડામર કામ કરવામાં આવ્યું હતું. કદાચિત આ માર્ગનું અંતર પ્રમાણે લાઈનની ચેમ્બર સૌથી વધુ હશે.ત્યારે જે ડામર કામ થયું છે, જે બાદ ચેમ્બરનું ઢાંકણ નીચા જતાં, હાલ માર્ગ પર ખાડાનો માહોલ છે. વાહનના ટાયર અંદર પડતા ખાડામાં પડ્યા હોય, એવી તકલીફ વાહન ચાલકો અનુભવી રહ્યા છે. ત્યારે પાલિકા માર્ગ પરની ૨૧ ચેમ્બર ઊંચી કરાવવાની માંગણી ઉઠી છે.

## સમસ્યાનો ઉકેલ લાવવા બારડોલી પ્રાંતને રજૂઆત કરવામાં આવી

બારડોલી- વિદેશથી પરત ફરતા એનઆરઆઈ નાગરિકોને એરપોર્ટ પરથી લીકર પરમિટ ન મળવાને કારણે ભારે હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા અને બોર્ડર પર થતી હેરાનગતિ બંધ કરવા માટે એનઆરઆઈઓએ આજે બારડોલી પ્રાંત અધિકારીને એક આવેદન આપ્યું છે. આવેદનમાં મુખ્યમંત્રીને એરપોર્ટ પર લીકર પરમિટની સુવિધા ફરી શરૂ કરવા વિનંતી કરવામાં આવી છે.



એનઆરઆઈઓનું કહેવું છે કે, અગાઉ એરપોર્ટ પરથી લીકર પરમિટ મળી જતી હતી. પરંતુ હવે આ સુવિધા બંધ થઈ ગઈ છે. જેના કારણે તેમને ગુજરાતમાં પરમિટ મેળવવા માટે ઘણી મુશ્કેલી પડી રહી છે. આ ઉપરાંત, એરપોર્ટ પરથી ડ્યુટી ફ્રી શોપમાંથી દારૂની બોટલો ખરીદીને આવતા એનઆરઆઈને બોર્ડર પર પોલીસ તપાસ દરમિયાન હેરાન પરેશાન કરવામાં આવી રહ્યા છે.

આ સમસ્યાથી પરેશાન થઈને એનઆરઆઈઓએ બારડોલીના સાંસદને પણ રજૂઆત કરી હતી. આજે તેમણે બારડોલી પ્રાંત અધિકારીને એક આવેદન આપીને મુખ્યમંત્રીને આ સમસ્યાનો ઉકેલ લાવવા વિનંતી કરી છે.

એનઆરઆઇ અમેરિકાથી એજન્સીઓ મારફતે આપવામાં આવતી લીકરની પરમિટ લઈને આવે છે. પરંતુ કેટલાક સમયથી સ્થાનિક પોલીસ આ પરમિટ ખોટી હોવાનું જણાવી એનઆરઆઇ સામે ફરિયાદો નોંધવામાં આવી રહી છે. તાપી જિલ્લામાં આવી પરમિટને કારણે એનઆરઆઇ પર ગુના દાખલ થયા છે. જે ગંભીર બાબત હોવાનું જણાવી એનઆરઆઇ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

Date-18/12/2024 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## શ્રી શાંતારામ ભટ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ મોતામાં ગીતા જયંતિની ભવ્ય ઉજવણી






**મોતા-** શ્રી મોતા કેળવણી મંડળ દ્વારા સંચાલિત શ્રી શાંતારામ ભટ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ મોતા માં ગીતા જયંતિ નિમિત્તે ખૂબ જ સરસ કાર્યક્રમ કરવામાં આવ્યો. શાળામાં છેલ્લા બે વરસ થી નિયમિત ગીતાનાં અભ્યાસના વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. શાળાના આચાર્યાશ્રી નાં પ્રયાસોથી આ કાર્ય નાં મંડાણ થયા છે. અને ચાલે છે.

માગશર સુદ એકાદશી એટલે કે ગીતા જયંતિ ના આ દિને શાળાની વિદ્યાર્થિની દ્વારા વૈદિક પ્રાર્થના દ્વારા શરૂઆત કરવામાં આવી. આશ્ચર્ય પમાડે એવી વાત એ છે કે શાળાનાં નર્સરી અને ધોરણ ૧ અને ૨ નાં વિદ્યાર્થીઓએ સંસ્કૃતમાં શ્લોકો નું ગાયન કર્યુ હતું. ધોરણ ૬ અને ૮ નાં બાળકો એ ગીતાનાં અધ્યાય ૫, અધ્યાય ૧૨ અને અધ્યાય ૪ નાં શ્લોકો કંઠસ્થ કર્યા હતા. તેમણે સુંદર સૂરોમાં લયબદ્ધ ગાયન કર્યું હતું. ધોરણ ૯ ની બાળકીઓએ એક સરસ મઝાની નાટિકા તૈયાર કરી હતી.તે રજૂ કરી અને ત્યાર બાદ બે બાળકોએ ભગવાન કૃષ્ણ અને અર્જુન ની વેશભૂષામાં એક સંવાદ પણ રજૂ કર્યો હતો. આચાર્યાશ્રીએ આ પ્રસંગે પ્રેરણાદાયક વાતો કરી હતી. અને આ બિરદાવ્યો હતો. શાળાનાં શિક્ષિકાએ ગીતાના બારમાં અધ્યાય ભક્તિયોગ અંગે વિસ્તૃત સમજૂતી આપી હતી. અંતે બધા બાળકો અને શિક્ષકોએ ભગવાન કૃષ્ણનું સુંદર આહ્લાદદાયક ભજનનાં સંગીતમાં ધ્યાન એકાગ્ર કરી પોતાના ઇષ્ટ સાથે જોડાવાનો પ્રયત્ન કર્યો હતો. અને સરસ રીતે કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો.

## કઠોર ગામે આવેલ તાપી રેસીડેન્સી ખાતે યુવાનોની ફિટનેસ અને ક્રિકેટની સાથે સાથે એકતા અને ભાઈચારો બની રહે એ માટે બનાવવામાં આવેલ 'ક્રિકેટ બોક્સ' નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું





**સુરત-** સુરત જિલ્લાના કઠોર ગામે આવેલ તાપી રેસીડેન્સી ખાતે યુવાનોની ફિટનેસ અને ક્રિકેટની સાથે સાથે એકતા અને ભાઈચારો બની રહે એ માટે બનાવવામાં આવેલ 'ક્રિકેટ બોક્સ' નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શનભાઈ નાયક, માજી તાલુકા પંચાયત સભ્ય યુસુફભાઇ શેખ, કઠોરના માજી ડે. સરપંચ અસ્લમ બાપુ, સામાજિક આગેવાન નરેન્દ્રસિંહ બારડ, અકબરભાઈ રાણા, ઈમ્તિયાઝ બેલીમ, લતીફ સિંધા સાહિતનાં આગેવાનો હાજર રહ્યા હતા.

## પરબ ગામે આવેલા ઓમ ઇન્ડસ્ટ્રીઝ વિભાગ-૦૮માં ડીગ્રી વગર દવાખાનું ચલાવતો બોગસ ડોક્ટર ઝડપાયો




**સુરત-** સુરતના કામરેજના પરબ ગામે આવેલા ઓમ ઇન્ડસ્ટ્રીઝ વિભાગ-૦૮માં ડિગ્રી વગર દવાખાનું ચલાવતા બોગસ ડોક્ટરને સુરત ગ્રામ્ય એસઓજી પોલીસે ઝડપી પાડ્યો હતો. આરોપીએ બિહાર રાજયમાં કમ્પાઉન્ડર તરીકે નોકરી કરતો હતો અને તેણે ધો.૧૨ સાયન્સ સુધી અભ્યાસ કર્યો છે તેમજ મહાવીર કલીનીક નામે દવાખાનું છેલ્લા એક વર્ષથી ચલાવતો હતો.

સુરત ગ્રામ્ય એસઓજી પોલીસની ટીમે બોગસ ડોક્ટરને ઝડપી પાડ્યો હતો. પોલીસે કામરેજના પરબ ગામે આવેલા ઓમ ઇન્ડસ્ટ્રીઝ વિભાગ-૦૮માં મહાવીર કલીનીકમાં દરોડો પાડ્યો હતો જયાંથી પોલીસે અજીત કુમાર અખિલેશ મહેતા ઉં.૨૬ ને ઝડપી પાડ્યો હતો. પોલીસે અલગ અલગ મેડીકલ સાધન સામગ્રી તથા દવાઓ મળી કુલ ૧૮,૧૮૮ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો

પોલીસના જણાવ્યા અનુસાર પકડાયેલા આરોપીએ કોઈ પણ પ્રકારનું રજીસ્ટ્રેશન સર્ટિ કે પ્રમાણપત્ર નહી હોવાનું જણાવ્યું હતું અને પોતે ધો. ૧૨ સાયનસ સુધી અભ્યાસ કર્યો છે. ત્યાર બાદ બિહાર રાજયમાં આવેલા ઓરંગાબાદ જિલ્લા ખાતે ડોક્ટર સાથે કંપાઉંન્ડર તરીકે ૬ વર્ષ સુધી નોકરી કરી હતી.

જેથી દવાઓ વિષે જાણકારી હોવાનું જણાવ્યું હતું અને પોતે પોતાની પાસે માન્ય સંસ્થાની ડિગ્રી વગર મહાવીર કલીનીક નામે દવાખાનું છેલ્લા એક વર્ષથી ચલાવતો હતો.પોલીસે બોગસ ડોક્ટરની ધરપકડ કરી આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## બારડોલીના મોતામાં ખેડૂતોએ પાવરગ્રીડનું કામ અટકાવ્યું



બારડોલી- છેલ્લા ઘણા સમયથી કચ્છના ખાવડાથી નવસારી જતી ૭૬૫ કેવી પાવરગ્રીડ વીજ લાઇનને લઈને સુરત જિલ્લામાં વિરોધ ચાલી રહ્યો છે. આ લાઇન ખેડૂતોની જમીનમાંથી પસાર થતી હોવાથી ખેડૂતોને યોગ્ય વળતર ન મળવાને કારણે તેઓ આ વિરોધ કરી રહ્યા છે.

સોમવારે સવારે બારડોલીના મોતા ગામમાં પાવરગ્રીડના અધિકારીઓ પોલીસ બંદોબસ્ત સાથે કામ શરૂ કરવા પહોચ્યા હતા. પરંતુ ગામના ખેડૂતોએ તેમનો વિરોધ કર્યો અને કામ રોકી દીધું. ખેડૂત સમાજના પ્રમુખ પરિમલ પટેલ પણ સ્થળ પર પહોચ્યા હતા અને ખેડૂતોને સમર્થન આપ્યું હતું. ખેડૂતોનું કહેવું છે કે જયાં સુધી તેમને યોગ્ય વળતર ન મળે ત્યાં સુધી તેઓ કામ કરવા દેશે નહીં. તેઓ જિલ્લા કલેક્ટર પાસેથી વળતર અંગે સ્પષ્ટતાની માંગ કરી રહ્યા છે.

**ખેડૂતોનું કહેવું છે કે જયાં સુધી તેમને યોગ્ય વળતર ન મળે ત્યાં સુધી તેઓ કામ કરવા દેશે નહી. તેઓ જિલ્લા કલેક્ટર પાસેથી વળતર અંગે સ્પષ્ટતાની માંગ કરી રહ્યા છે.**

કણાવ સહિત કેટલાક ગામના ખેડૂતોને કલેક્ટર દ્વારા નોટિસ પાઠવવામાં આવી છે. જેમાં તેમને ૧૮મી ડિસેમ્બરના રોજ કલેક્ટર કચેરી ખાતે મળનારી બેઠકમાં હાજર રહેવા જણાવવામાં આવ્યું છે. ખેડૂતો લાંબા સમયથી કલેક્ટરના વળતર અંગેના આદેશની રાહ જોઈને બેઠા છે. ત્યારે ૧૮મીના રોજ ખેડૂતોના વળતર અંગે કલેક્ટર કોઈ ખુલાસો કરે તેવી ખેડૂતો આશા રાખી રહ્યા છે.



**ડુમસ જમીન કૌભાંડમાં સસ્પેન્ડ કરાયેલા કલેક્ટર આયુષ ઓકને ફરી ફરજ પર લેવાનો તખ્તો ગોઠવાતા વિરોધ**

## સુરત જિ. ની નવતર પહેલ, મત્સ્ય ઉછેર માટે ૪૧ તળાવોને ઈજારા પર આપ્યા

બારડોલી- જિલ્લા પંચાયત સુરત અંતર્ગત મત્સ્ય ઉદ્યોગ કચેરીના ઉપક્રમે સુરત જિલ્લાના ૭૦ ગામોના ૭૫ થી વધુ નવા તળાવોને મત્સ્ય ઉછેર માટે ટેન્ડર પદ્ધતિથી ઇજારા પર આપવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં સૌથી વધુ ભાવ ભરનાર ૪૧ ઈજારદારોને તળાવોની ફાળવણી કરવમાં આવી હતી.

જિલ્લા પંચાયત પ્રમુખ ભાવિનીબેન પટેલના હસ્તે ૪૧ તળાવોના ઈજારદારોને પાંચ વર્ષ માટેના ઈજારા માટેના હુકમો એનાયત કરવામાં આવ્યા હતા. આ ૪૧ તળાવોને ઈજારા પર આપવાથી ગ્રામ પંચાયતોને ઈજારાના સમયગાળા દરમિયાન ૪.૫ કરોડથી વધુની માતબર આવક થશે. જેમ કે, આ ઈજારાથી ઓલપાડ તાલુકાની ભટગામ ગ્રામ પંચાયતને દર વર્ષે ૧૯ લાખ થી વધુની આવક થશે. તેવી જ રીતે માંડવી તાલુકાની કરંજ ગ્રામ પંચાયતને દર વર્ષે ૬ લાખ થી વધુની આવક થશે. આમ, ગ્રામ-પંચાયતની સ્વ-ભંડોળની આવકમાં વધારો થતા સુવિધાની વધવાની સાથે સ્થાનિક રોજગારીની તકોમાં વધારો થશે. વર્ષોથી ખાલી પડેલા તળાવોની પણ જાળવણી થશે.

આ પ્રસંગે પ્રમુખે જિલ્લાની અન્ય ગ્રામ પંચાયતોને પણ અનુકરણ કરવા પર ભાર મુક્યો હતો. વધુમાં, જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલે જણાવ્યું હતું કે આગામી સમયમાં જિલ્લાના નવા ૩૨ તળાવોને ઈજારા પર આપવા માટે ટેન્ડરો માંગવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. આમ, સુરત જિલ્લા પંચાયત ગ્રામ પંચાયતોની આવક વધારવા માટે નવતર પ્રયાસો હાથ ધરી રહી છે. આ અવસરે જિલ્લા પંચાયત કારોબારી સમિતિના અધ્યક્ષ જીતેન્દ્રભાઈ પટેલ, માજી જિ.પં.પ્રમુખ ભાવેશભાઈ પટેલ તથા અન્ય જિલ્લા પંચાયતના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## ઉકાઇ પાથરડા કોલોનીમાં આવેલ સિદ્ધેશ્વર મહાદેવ મંદિર, મહાદેવનો રુદ્રાભિષેક તથા પૂજા અર્ચના સુરેશભાઈ મહારાજ દ્વારા કરવામાં આવી





**તાપી-** તાપી જિલ્લા તા. ૧૬/૧૨/૨૦૨૪ સોમવારે સોનગઢ તાલુકા ઉકાઇ પાથરડા કોલોનીમાં આવેલ સિદ્ધેશ્વર મહાદેવ મંદિર નિમિત્તે મહાદેવનો રુદ્રાભિષેક તથા પૂજા અર્ચના સુરેશભાઈ મહારાજ દ્વારા કરવામાં આવી. અને સિદ્ધેશ્વર મહાદેવ મહિલા મંડળ દ્વારા મહાદેવ નો શણગાર કરીને પૂજા અર્ચના કરવામાં આવી.

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb



કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).